सत्यमेव जयते

| | | | |
|---|---|---|---|
| ફાઈલ તારીખ | ૧૫/૦૬/૨૦૨૬ | | |
| દાખલ તારીખ | ૧૫/૦૬/૨૦૨૬ | | |
| ફેંસલ તારીખ | ૦૨/૦૭/૨૦૨૬ | | |
| **સમયગાળો** | **વર્ષ** | **માસ** | **દિવસ** |
| | ૦૦ | ૦૦ | ૧૭ |

---

**મહેરબાન ભરૂચના ચોથા એડીશનલ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : ભરૂચ**

---

**ફોજદારી પરચુરણ અરજી નં. ૪૬૧/૨૦૨૬**

**આંક : – ૧૦**

**અરજદાર :– સંદિપ રાજેશભાઈ શર્મા,**
રહે. ગામ–તોતાહેરી, દોન્ગલીન્ગલી રોડ,
પો. કરોતા, થાના–નાંગલ ચૌધરી,
જી. મહેન્દ્રગઢ, હરિયાણા

**વિરૂધ્ધ...**

**સામાવાળા :– ધ સ્ટેટ ઓફ ગુજરાત.**

**વિષય :– બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર તરફે વિ. વ. શ્રી વી.એન.ભરવાડ
સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રી. એમ.જી.રાઠોડ

---

**–:: ચુકાદો ::–**

(૧) આ કામનાં અરજદાર/આરોપી ભરૂચ દહેજ પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૯૦૧૬૨૬૦૦૯૨/૨૦૨૬ થી બી.એન.એસ.ની કલમ– ૩૧૬(૨), ૩૧૬(૩), ૬૧(૨)(ક), ૩૧૮(૪), ૩૧૯(૨),

૩૪૦(૨) મુજબના ગુનાના કામે અરજદાર/આરોપી તરફે રેગ્યુલર જામીન ઉપર મુકત થવા હાલની જામીન અરજી કરેલ છે.

(૨) અરજદાર તરફે વિ. વકીલશ્રી તથા સામાવાળા તરફે વિ. એ.પી.પી.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.. અરજદાર/ આરોપી તરફે આંક–૦૩ થી રજુ દસ્તાવેજી પુરાવાનુ લિસ્ટ તથા આંક–૯ થી એફીડેવીટ તથા ત.ક.અધિકારીશ્રીએ આંક–૦૬ થી રજુ કરેલ એફીડેવીટ ધ્યાને લીધુ.

(૩) અરજદાર/આરોપીનાં વિ.વકીલશ્રીની મુખ્યત્વે તેમની જામીન અરજી મુજબની રજુઆત છે અને વિ. વકીલશ્રીની વધુમાં દલીલ છે કે, અરજદાર/આરોપીની ભુમિકા માત્ર ડ્રાઈવર તરીકેની છે. અરજદાર/આરોપી વાહનનો માલીક નથી. અરજદાર/આરોપીએ કોઈ ખોટા દસ્તાવેજો બનાવેલ નથી કે ખરા તરીકે ઉપયોગ કરેલ નથી. સદર ગુનાના કામે તપાસ કરનાર અધિકારીએ તપાસ પૂર્ણ કરી ચાર્જસીટ ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કરી દીધી છે જેથી હવે અરજદાર/આરોપીનીવધુ પોલીસ કસ્ટડીની કે જયુડીશીયલ કસ્ટડીની જરૂરીયાત રહેતી નથી. સદર ગુનાના કામે સમગ્ર કેસ દસ્તાવેજી પુરાવા આધારીત છે. સદર ગુનાના કામે જરૂરી દસ્તાવેજો તપાસ એજન્સીના ધ્વારા કબજે કરી લેવામાં આવેલ છે. જેથી અરજદાર/આરોપી ધ્વારા પુરાવા સાથે ચેડા કરવાની શકયતા નથી. વધુમાં રજુઆત કરેલ છે કે, હાલના ગુનામાં સહ આરોપી રવિન્દ્રકુમાર ઉર્ફે કાલુ મહાવીર પ્રસાદ ગુર્જરને વિ.વાગરા કોર્ટ ધ્વારા ક્રી. પ.અ.નં. ૫૩/૨૦૨૬ થી નિયમીત જામીન પર મુકત કરવામાં આવેલ છે. અરજદાર/ આરોપી વિરૂધ્ધ અગાઉ કેટલાક ગુનાઓ નોંધાયેલા હોવાનુ દર્શાવવામાં આવેલ છે પણ માત્ર પૂર્વ ગુનાહિત ઈતિહાસના આધારે જામીન અરજી ફગાવી શકાય નહી. કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત એ છે કે, માત્ર અગાઉ એફ.આઇ.આર. નોંધાયેલી હોવી અથવા અગાઉ આરોપી તરીકે સંડાવણી

દર્શાવાયેલી હોવી જામીન નકારવાનો સ્વતંત્ર અને એકમાત્ર આધાર બની શકતી નથી. માનનીય સુપ્રિમ કોર્ટે સ્પષ્ટ જણાવ્યુ છે કે જામીન નિયમ છે અને જેલ અપવાદ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી ભારત દેશનો નાગરિક છે તથા હરિયાણા રાજયમાં તેનુ સ્થાયી રહેઠાણ અને પરિવાર સાથે વસાવટ કરે છે. અરજદાર/આરોપીનુ કાયમી સરનામુ, ઓળખ તથા અન્ય વિગતો તપાસ એજન્સીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ છે. વધુમાં રજુઆત કરેલ છે કે, નામ. કોર્ટ ધ્વારા અરજદાર/આરોપીની હાલની જામીન અરજીના લેખિત કારણો તથા મૌખિક રજુઆતમાં થયેલા કારણોને ધ્યાનમાં રાખીને જો શરતોને આધિન જામીન પર મુકત કરવામાં આવેશે તો અરજદાર/આરોપી ધ્વારા નામ. કોર્ટ ધ્વારા જે પણ શરતો ફરમાવશે તે તમામ શરતોનુ પાલન કરવાની પાકી બાંહેધરી તથા ખાતરી આપે છે. જેથી પણ અરજદારની હાલની જામીન અરજી મંજુર કરવા અરજ છે.

(૪) ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી. શ્રીની આઇ.ઓ.નાં આંક-૦૬ નાં સોગંદનામાને અનુરૂપ મહત્વની દલીલ કરી રજુઆત કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપીનાઓ કન્ટેનર નંબર U-18-GB-2317 ના ડ્રાઈવર તરીકે મુકેશકુમાર શંકરલાલનુ લાયસન્સ બતાવી અને તેની નકલ આપી અને દહેજ GIDC સેઝ-૧માં આવેલ DIC ફાઇન કેમીકલ. પ્રા.લી કંપની, દહેજ ખાતેથી તા.૨૧/૦૧/૨૦૨૬ ના રોજ આશરે કલાક ૧૯/૦૦ વાગ્યે કન્ટેનરમાં કુલ ૧૪૦૧ પુઠાના બોક્ષ, ટોટલ વજન ૧૭૧૩૦ કિ.ગ્રા., કુલ કિમંત ૩૩,૨૪,૬૬૮/- રૂપિયાના ઇન્ક (પ્રિન્ટીંગ સાહિ) મટીરીયલ ભરી DIC ફાઇન કેમીકલ. પ્રા.લી કંપની, રાનીહટી, હાવડા, કોલકતા (પશ્ચિમ બંગાળ) ખાતે પહોંચાડવા માટે નિકળેલ અને ત્યારબાદ ઇન્દોર ખાતે નીધી કન્ફેકસરીઝ નામની ટોય કેન્ડી (ચોકલેટ)ની કંપની જે કંપની પ્લોટ નં-૨૬, ઉધ્યોગ નગરચા રાખોડીવાલા કંપાઉન્ડ, ૩૬૫, એમ-૧૨, મુસાખેડી, પાલદા, ઇન્દોર ખાતે

આવેલ છે ત્યાંથી તા.૨૩/૦૧/૨૦૨૬ ના રોજ આશરે સાડા દશેક વાગ્યાના કન્ટેનર નંબર. RJ-18-GB-2317 માં કુલ–૭૫ કાર્ટુન (પુઠાના બોક્ષ) કિંમત રૂપિયા–૨,૩૬,૭૨૩/– ની તેમજ ઇન્દોર ખાતે આવેલ બીજી કંપની યુનાઈટેડ ઇન્ડસ્ટ્રીઝ કંપનીના કુલ–૬૩ કાર્ટુન (પુઠાના બોક્ષ) કિંમત રૂપિયા ૧,૫૮,૬૦૪/–નો તથા ફેવરીટ ફુડ કંપનીનુ મટીરીયલ કુલ–૬૭ કાર્ટુન (પુઠાના બોક્ષ) જેની કિંમત રૂપિયા ૨,૩૮,૧૫૨/–ની આ ઇન્દોર ખાતેની ત્રણ કંપનીના અલગ–અલગ મટીરીયલની કુલ કિ.રૂ.૬,૩૩,૪૭૯/– નું મટીરીયલ પણ કોલકતા (પશ્ચિમ બંગાળ) ખાતે પહોંચાડવા નીકળેલ અને આ કન્ટેનર નંબર.RJ-18-GB-2317 ના ડ્રાયવર આ કામના અરજદાર/આરોપીનાઓએ મુકેશકુમાર શંકરલાલ નામે ખોટુ લાયસન્સ બતાવી ખરા તરીકે ઉપયોગ કરી આરોપી નં. (૨) રવિન્દ્રકુમાર ઉર્ફે કાલુ મહાવીર પ્રસાદ ગુર્જર તથા આરોપી વિક્રમ ભેરૂસીંગ ગુર્જર તથા આરોપી કુલદીપ ઉર્ફે કે.ડી. સાવરરામ ગુર્જરનાઓ સાથે મળી ગુનાહિત કાવતરૂ રચી ફરીયાદી તથા સાહેદોનો માલ કુલ કિ.રૂપિયા.૩૯,૫૮,૧૪૭/– નો જે જગ્યાએ માલ પહોંચાડવાનો હતો તે જગ્યાએ માલ નહી પહોંચાડી માલને સગેવગે કરી ખાલી કન્ટેનર રાજસ્થાન ખાતે પાલી–જોધપુર હાઇવે ઉપર મહાદેવ હોટલ ખાતે મુકી દઈ ફરિયાદીના ટ્રાન્સપોર્ટ તથા સાહેદો સાથે વિશ્વાસઘાત કરી તથા ખોટા લાયસન્સનો ખરા તરીકે ઉપયોગ કરી ખોટા નામે છેતરપિંડી કરી ગુનાહિત કાવતરૂ રચી ગુનો કર્યાનો આક્ષેપ છે.

વધુમાં એવી દલીલ છે કે, આ કામના અરજદાર/આરોપી ગુનાનો મુખ્ય સુત્રધાર છે અને ગુનાનો મુદ્દામાલ કુલ કિ.રૂ. ૩૯,૫૮, ૧૪૭/– નો જે જગ્યાએ માલ પહોંચાડવાનો હતો તે જગ્યાએ માલ નહી પહોંચાડી માલને સગેવગે કરી રૂ.૩૯,૫૮, ૧૪૭/– નો મુદામાલ જે જગ્યાએ પહોંચાડવાનો હતો તે જગ્યાએ માલ નહી પહોંચાડી માલને સગેવગે કરી ફરીયાદી ટ્રાન્સપોર્ટર તથા કંપની સાથે વિશ્વાસઘાત કરી ખાલી કરી દિધેલ જે

માલ પણ હજુ મળી આવેલ નથી અને ગુનામાં સંડોવાયેલ અન્ય બે આરોપીઓ પણ હજુ પોલીસ પકડથી દૂર છે જેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો તપાસમાં અડચણ ઉભી કરે તેવી પુરેપુરી શક્યતા રહેલી છે. આ કામના અરજદાર/આરોપી હરીયાણા રાજયનો છે અને ડ્રાઈવર છે જેથી જામીન ઉપર મુક્ત કરવામા આવશે તો નાશી ભાગી જવાની શક્યતા રહેલી છે અને નામદાર કોર્ટમાં ચાલતા કેશે હાજર રહેશે કે કેમ? તેની શક્યતાઓ નહીવત છે. અરજદાર/આરોપીને જામીન ઉપર મુક્ત કરવામા આવશે તો નામદાર કોર્ટની શરતોનું પાલન કરશે નહી જેથી આ કામના અરજદાર આરોપીને જામીન ઉપર મુક્ત નહી કરવા રજુઆત કરેલ છે.

(૫) ઉપરોકત બન્ને પક્ષકારોની રજુઆતો, ત.ક.અધિકારીશ્રીનુ એફીડેવીટ તથા એફ.આઇ.આર. તેમજ પોલીસ પેપર્સ ધ્યાને લેતા, સદર ગુનાના આ કામે અરજદાર/આરોપી તા. ૧૩/૦૨/૨૦૨૬ થી સબ જેલ ભરૂચમાં હોવાનુ જણાઇ આવે છે. તપાસ પૂર્ણ થઇ ગયેલ છે અને ચાર્જસીટ થઇ ગયેલ છે. વધુમાં સદર ગુનાના કામે જરૂરી દસ્તાવેજો તપાસ એજન્સીના ધ્વારા કબજે કરી લેવામાં આવેલ છે જેથી અરજદાર/આરોપી ધ્વારા પુરાવા સાથે ચેડા કરવાની શકયતા નથી. વધુમાં સહ આરોપી રવિન્દ્રકુમાર ઉર્ફે કાલુ મહાવીર પ્રસાદ ગુર્જરને વિ.વાગરા કોર્ટ ધ્વારા ક્રી. પ.અ.નં. ૫૩/૨૦૨૬ થી નિયમીત જામીન પર મુકત કરવામાં આવેલ છે. વધુમાં અરજદાર/આરોપી તરફે આંક–૯ થી નોટરી રૂબરૂનુ સોગંદનામુ રજુ કરેલ છે. જેમાં અરજદાર/આરોપીએ સોગંદપૂર્વક જાહેર કરેલ છે કે, અરજદાર/આરોપી સામે અગાઉ રાજસ્થાન મુકામે વિવિધ પોલીસ સ્ટેશનોમાં ગુનાઓ નોંધાયેલા હતા, જે બાબતનો ઉલ્લેખ પણ અગાઉની કાર્યવાહી દરમિયાન કરવામાં આવેલ હતો કે હાલની તારીખે અરજદાર/આરોપી ગુનાહિત ભૂતકાળ અંગે તેઓ સત્ય હકીકત જાહેર કેરલ છે કે તેમની સામે માત્ર નીચે દર્શાવેલ એક જ

ગુનો પેન્ડિંગ છે, નાગરફોર્ટ પોલીસ સ્ટેશન, જિલ્લા ટોંક (રાજસ્થાન) C.R. No. 28/2013, ભારતીય દંડ સંહિતાની કલમ 302, 201, 394 તથા Arms Act ની કલમ 3/25 હેઠળ નોંધાયેલ કેસ, જે હાલ સંબંધિત કોર્ટમાં પેન્ડિંગ છે. ઉપરોક્ત કેસ સિવાય અરજદાર/આરોપી વિરુદ્ધ અગાઉ નોંધાયેલા અન્ય તમામ ગુનાઓનો કાયદેસર રીતે અંતિમ નિકાલ થઈ ગયો છે અને તે કેસો હવે પેન્ડિંગ નથી. તેમજ અગાઉ દર્શાવાયેલા નીચેના કેસોનો નિકાલ થઈ ચૂક્યો છે. (અ) Moharhpur Police Station, Jaipur (Rajasthan) C.R. No. 67/2013. (બ) Viratnagar Police Station, Jaipur (Rajasthan) C.R. No. 19/2014. (ક) Kotwali Police Station, Tonk (Rajasthan) C.R. No. 141/2014. તેવુ તેમના સોગંદનામામાં જાહેર કરેલ છે તે ઉપરાંત અરજદાર/આરોપીએ તેઓની જામીન અરજીમાં પણ તેમની સામે કેટલાક ગુનાઓ નોંધાયેલા હોવાનુ જણાવેલ છે. હાલના ગુનાના કામની કલમો જોતા મહત્તમ સાત વર્ષ કેદ સુધીની સજાની જોગવાઈ છે. તેમજ નામદાર મેજી.કોર્ટને ટ્રાયલ ચલાવવાની સત્તા છે. મેજિસ્ટ્રેટ કોર્ટોમાં કેસોનુ ભારણ જોતા નજીકના સમયમાં ટ્રાયલ ચલાવી પૂર્ણ થાય તેવુ જણાતુ નથી. તે સંજોગોમાં ગુનાનાં કામે હાલનાં અરજદાર/આરોપીને લાંબા સમય સુધી જેલમાં રહેવુ પડે તેમ છે. સહઆરોપીને પણ વિ.મેજીસ્ટ્રેટ કોર્ટ ધ્વારા જામીન મુકત કરવામાં આવેલ છે તેવા સંજોગોમાં હાલના આરોપીને ઉપરોકબત સંજોગોમાં પેરીટીનો લાભ મળવાપાત્ર છે. જેથી ઉપરોકત તમામ હકીકતો જોતા આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયોચિત જણાતુ હોય, આરોપીને જામીન ઉપર મુકત કરતો છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

(૧) સદર ગુનાના કામે હાલનાં અરજદાર/આરોપીનાઓને રૂા. ૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચાસ હજાર પુરા) નાં સધ્ધર જામીન

તથા તેટલી જ રકમનો જાતમુચરકો રજુ કર્યેથી નીચેની શરતોને આધીન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**શરતો :–**

૧. અરજદાર/આરોપીએ ફરીયાદપક્ષનાં સાક્ષીઓને ધાકધમકી આપવી નહી તેમજ પુરાવા સાથે ચેડા કરવા નહી તેમજ તેઓને કોઇપણ પ્રકારનું પ્રલોભન આપી ફોડવા પ્રયત્ન કરવો નહી.

૨. અરજદાર/આરોપીએ તથા જામીનદારે પોતાનાં કાયમી રહેઠાણનું સરનામું અને મોબાઇલ નંબરની વિગતો વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ તેમજ તપાસ કરનાર અધિકારી સમક્ષ રજુ કરવી તથા રહેઠાણ તથા મોબાઇલ નંબર બદલવાનાં સંજોગોમાં નવું સરનામું તથા મોબાઇલ નંબર તપાસ કરનાર અમલદાર તેમજ વિ. ટ્રાયલ કોર્ટ સમક્ષ રજુ કરવું.

૩. અરજદાર/આરોપી જો પાસપોર્ટ ધરાવતા હોય તો, વિ. ટ્રાયલ કોર્ટમાં દિન–૭ માં જમાં કરાવવો અને જો પાસપોર્ટ ધરાવતા ન હોય તો તે અંગેનું સોગંદનામું રજુ કરવું.

૪. અરજદાર/આરોપીએ તપાસ કરનાર અધિકારશ્રીને તપાસનાં કામે સંપૂર્ણ સાથ–સહકાર આપવાનો રહેશે.

૫. અરજદાર/આરોપીએ સદર કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી વિ. ટ્રાયલ કોર્ટની પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહી.

૬. ઉપરોકત શરતોમાં વિ. ટ્રાયલ કોર્ટ વધારો–ઘટાડો કે ફેરફાર કરવા સક્ષમ રહેશે.

૭. અરજદાર/આરોપીએ આ હુકમ મુજબ વિ. ટ્રાયલ કોર્ટમાં જામીન તથા બોન્ડ આપવા.

(૨) સદર હુકમ મુજબ યાદી કરવી.

(૩) આ હુકમની એક નકલ સંબંધીત જેલમાં આરોપીને આપવા માટે મોકલવી અને સુપ્રિન્ટેન્ડેન્ટ/જેલરશ્રીએ આરોપીને નકલ આપ્યાનો અત્રેની કોર્ટને રીપોર્ટ કરવો.

આ હુકમ આજ **તા. ૦૨ જી, માહે : જુલાઈ, સને : ૨૦૨૬** ના રોજ અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૨/૦૭/૨૦૨૬
સ્થળ : ભરૂચ

**(વી.બી.રાજપુત)**
ચોથા એડીશનલ સેસન્સ જજ,
ભરૂચ.
**(કોડ નં. જી.જે. ૦૦૬૯૨)**

બી.ડી.દવે